પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૧૨ | ૧ જુલાઈ, ૨૦૧૮, રવિવાર; નિજ. જેઠ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**વીઆઈપી ટ્રેટમેન્ટ ન મળતા ઉ.પ્ર.ના ધારાસભ્ય નારાજ**

ઉત્તરપ્રદેશના તિંદવારી વિધાનસભા સીટના ધારાસભ્ય બ્રજેશ પ્રજાપતિ વીઆઈપી ટ્રીટમેન્ટ ન મળતા એસપીથી નારાજ થયા હતા. આ અંગેની ફરિયાદ તેઓએ સીએમ યોગી આદિત્યનાથને કરી હતી.

**ત્રીજો મોરચો વ્યવહારીક નહી : શરદ પવાર**

૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓ અગાઉ ભાજપ અને કોંગ્રેસથી અલગ ત્રીજા મોરચાના ગઠનની સંભાવનાઓને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ નકારી છે. એનસીપી અધ્યક્ષ શરદ પવારે કહ્યુ છે કે ત્રીજો મોરચો વ્યવહારીક નથી.

**અમદાવાદી મહિલા અમેરિકામાં ફસાઈ**

મેક્સિકોમાંથી ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કર્યા બાદ આશરો માંગી રહેલી એક ગુજરાતી મહિલાને તેના પાંચ વર્ષના દિવ્યાંગ પુત્રથી અલગ કરી દેવાઈ છે.

# પાકિસ્તાન FATFના 'ગ્રે' લિસ્ટમાં

**ભારત - અમેરિકા દ્વારા આવકાર : ત્રાસવાદીઓને ફન્ડીંગ રોકવામાં નિષ્ફળ રહેતા કાર્યવાહી : પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં મુકી દેવામાં આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી નાણાં મળવામાં મુશ્કેલી : રોકાણ ઉપર પણ પ્રતિકુળ અસર થઈ શકે**



નવી દિલ્હી, તા. ૩૦

ભારતે ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા ઈન્ટરનેશનલ કોઓપરેશન રીવ્યુ ગ્રુપ મોનિટરીંગ માટે પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં મુકવાનું જોરદાર રીતે સ્વાગત કર્યુ છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આનું સ્વાગત કરીને કહેવામાં આવ્યું છે કે આતંકવાદને પ્રોત્સાહન આપવા બદલ પાકિસ્તાન એક પછી એક મુશ્કેલીમાં મુકાઈ રહ્યું છે. ત્રાસવાદને ફન્ડીંગ રોકવામાં નિષ્ફળ રહેવાના પરિણામ સ્વરૂપે ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાં એટલે કે શકમંદોની યાદીમાં મુકવાનો નિર્ણય કર્યો છે. ભારતના વિદેશ મંત્રાલયે આજે કહ્યું હતું કે પાકિસ્તાને ત્રાસવાદીઓને ફન્ડીંગ રોકવામાં ઉદાસિનતા દર્શાવી છે. એન્ટી મની લોન્ડરીંગ અભિયાન ચલાવવા માટે એફએટીએના સ્ટાન્ડર્ડનું પાલન કરવા માટે વચન પણ આપ્યું હતું. પાકિસ્તાનના ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્રની યાદીમાં સામેલ કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તર પર પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠનો અને આતંકવાદીઓની સામે કાર્યવાહી કરવાની જરૂર હતી. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે પાકિસ્તાનમાં હાફીઝ સઈદ જેવા કુખ્યાત ત્રાસવાદીઓ અને જમાત ઉદ દાવા, લશ્કર એ તોયબા અને જૈશ

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટકમાં અસંતુષ્ટોને ભાજપમાં સામેલ કરવા હાઈકમાન્ડનું સૂચન

**કર્ણાટકમાં યેદીયુરપ્પા ફરી સક્રિય**

બેંગલોર,તા. ૩૦

ભારતીય જનતા પાર્ટીએ કર્ણાટકમાં સરકાર બનાવવાના પ્રયાસો હજુ બંધ કર્યા નથી. રાજ્ય ભાજપ નેતૃત્વએ પોતાના કાર્યકરોને જનતાદળ સેક્યુલર અને કોંગ્રેસના નારાજ ધારાસભ્યોને ભાજપની છાવણીમાં લાવવા માટે સૂચના આપી દીધી છે. ૨૦૧૮ વિધાનસભા ચૂંટણી બાદ પાર્ટીની પ્રથમ કારોબારી સમિતિની બેઠકમાં ભાજપના રાજ્ય એકમના અધ્યક્ષ બી.એસ. યેદીયુરપ્પાએ કહ્યું છે કે પાર્ટીના કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધન સરકારમાં પાંચ વર્ષ પૂર્ણ કરે તે પહેલા જ સત્તામાં આવવાની આગામી આશા છે. યેદીયુરપ્પાએ કહ્યું હતું કે લોકોનો મત બિલકુલ સ્પષ્ટ છે. લોકો કોઈપણ કિંમતે અમને સત્તામાં લાવવા માટે ઈચ્છુક છે. લોકોએ તેમનું સમર્થન ભાજપને આપી દીધું હતું. વર્ષ ૨૦૧૯માં મોદીને ફરી સત્તામાં લાવવા અને પોતાની પાર્ટીને મજબૂત કરવા માટે તેઓ કાર્યકરોને અપીલ કરે છે. ગઠબંધનના નારાજ નેતાઓના ઘરે પહોંચી જઈને તેમને મનાવવા પ્રયાસ કરવા પણ કહેવામાં આવ્યું છે. યેદીયુરપ્પાએ કહ્યું હતું કે અમે કર્ણાટક અને દેશના વિકાસની ચિંતા કરનાર દરેકનું સ્વાગત કરવા તૈયાર છીએ. પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે તેઓ સંયમ જાળવશે અને ઉતાળવમાં કોઈ પગલા લેશે નહીં. આ ગઠબંધન પહેલાથી જ ખૂબ અસ્થિર છે. જેડીએસ અને કોંગ્રેસ ગઠબંધન કોઈપણ સમયે ગબડી પડશે.

## વિજય માલ્યાને ૨૭ ઓગસ્ટે હાજર થવા સમન્સ જારી કરાયું

**ફરાર આર્થિક અપરાધી વટહુકમ હેઠળ પ્રથમવાર કાર્યવાહી : સમન્સ જારી થયા બાદ સકંજો મજબૂત : ૧૨૫૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરવાની તૈયારીઓ**

નવી દિલ્હી, તા. ૩૦



ખાસ અદાલતે સનસનાટીપૂર્ણ મનલોન્ડરીંગના મામલામાં ફરાર થયેલા ઉદ્યોગપતિ વિજય માલ્યાને ૨૭મી ઓગસ્ટના દિવસે કોર્ટમાં ઉપસ્થિત થવા માટે આદેશ જારી કરવામાં આવ્યો છે. વિજય માલ્યા સામે સમન્સ જારી કરવામાં આવ્યા બાદ તેમના ઉપર સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો છે. નવ હજાર કરોડ રૂપિયાના બેંક ઠગાઈ કેસમાં નવા ઈકોનોમિક ઓફેન્ડર્સ વટહુકમ હેઠળ વિજય માલ્યાની સામે પગલાં લેવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી એન્ફોર્મસેન્ટ ડિરોક્ટરેટની અરજી પર ૨૭મી ઓગસ્ટના દિવસે તેની સામે ઉપસ્થિત થવા શરાબ કારોબારી વિજય માલ્યાને સમન્સ જારી કરવામાં આવ્યું છે. ઈડીએ ફરાર આર્થિક અપરાધિ બિલ

● અનુસંધાન પાન-૭ પર

## હવામાન સુધરતા અમરનાથ યાત્રા ફરીથી આરંભાઈ

જમ્મુ,તા. ૩૦

અમરનાથ યાત્રામાં ભારે વરસાદ અને ખરાબ હવામાનના કારણએ વારંવાર અડચણો આવી રહી છે. વારંવાર યાત્રાને બંધ કરવાની પણ ફરજ પડી રહી છે. અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી બે વખત યાત્રાને બંધ કરવાની અને શ્રદ્ધાળુઓને આગળ ન વધવાની સૂચના આપવામાં આવી છે. આજે બીજી વખત યાત્રાને રોકવામાં આવ્યા બાદ હવામાનમાં સુધારો થતા હવે ફરીવાર અમરનાથયાત્રા શરૂ થઈ છે. અમરનાથ શ્રદ્ધાળુઓનો ચોથો જથ્થો જમ્મુ પહોંચી ચુકયો છે. જમ્મુ-કાશ્મીરમાં સતત થઈ રહેલા ભારે વરસાદ અને ખરાબ હવામાનના લીધે રોકવામાં આવેલી યાત્રા ફરી શરૂ થઈ ચુકી છે. વરસાદનો ધ્યાનમાં લઈને કાશ્મીર ડિવિઝનમાં તમામ સ્કુલોને આજે શનિવારના દિવસે બંધ રાખવામાં આવી હતી. પહેલગામ અને બાલતાલના રસ્તા ચાલતા જવા માટે ફરી સાનુકુળ બનતા યાત્રા શરૂ થઈ છે. ભારત-તિબેટ સરહદ પોલીસના જવાન જટીલ રસ્તા પર સ્થિત ગુફામાં દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓની મદદ કરી

● અનુસંધાન પાન-૭ પર





તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે

1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)

200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ

Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC

THE SPACE ✆93288 01440, 93287 01440

E-mail : npthespace@gmail.com










ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય